# Extension of the Agreement on Statement of Guiding Principles on Triangular Cooperation for Global Development between India and the US

July 30, 2021

---

# ભારત અને અમેરિકા વચ્ચે વૈશ્વિક વિકાસના ત્રિપક્ષીય સહકાર અંગે માર્ગદર્શક સિદ્ધાંતો વિશેના નિવેદન પર સહમતિ

જુલાઈ 30, 2021

ભારત અને અમેરિકાએ આજે ટ્રાયેન્ગ્યુલર કોઓપરેશન ફોર ગ્લોબલ ડેવલપમેન્ટ અંગે સ્ટેટમેન્ટ ઓફ ગાઈડિંગ પ્રિન્સિપલ્સ (એસજીપી)ના બીજા સુધારા પર હસ્તાક્ષર કર્યા હતા. આ સુધારા પર ભારતીય વિદેશ મંત્રાલયના ડેવલપમેન્ટ પાર્ટનરશિપ એડમિનિસ્ટ્રેશન -II ડિવિઝનના જોઈન્ટ સેક્રેટરી અભિલાષા જોશી અને ભારતમાં યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (યુએસએઆઈડી) માટેના એક્ટિંગ મિશન ડિરેક્ટર કેરેન ક્લિમોસ્કી દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

નવેમ્બર 2014માં હસ્તાક્ષર કરવામાં આવેલો એસજીપી કરાર વૈશ્વિક સ્થિરતા અને સમૃદ્ધિમાં ભારત-યુએસની ભાગીદારી પર ભાર મુકે છે. તે બંને દેશો વચ્ચે સહકારને પ્રેરિત કરવા માટે એક ફ્રેમવર્ક પૂરું પાડે છે જેથી ભાગીદાર દેશો, ખાસ કરીને એશિયા અને આફ્રિકાના દેશોમાં વિકાસની આકાંક્ષાઓને સંતોષી શકાય.

એસજીપી એગ્રીમેન્ટના બીજા સુધારા પર આજે સહી કરવામાં આવી હતી જેમાં એસજીપી એગ્રીમેન્ટનો માન્યતાનો ગાળો 2016 સુધી વિસ્તારવામાં આવ્યો છે. તેમાં ભારત અને અમેરિકાએ આ માળખા હેઠળ હાથ ધરેલી ક્ષમતા ગઠનની પ્રવૃત્તિઓના દાયકાને વિસ્તારવામાં આવ્યો છે અને તે જોઈન્ટ બાઈએન્યુઅલ મોનિટરિંગ તથા એસજીપી હેઠક કરવામાં આવેલી પ્રવૃત્તિઓની સમીક્ષા માટે કન્સલ્ટેટિવ મિકેનિઝમ પુરું પાડે છે.

આ કરાર હેઠળ ભારત અને અમેરિકા ભાગીદાર દેશોને એકથી વધારે ક્ષેત્રમાં ક્ષમતાના ગઠન માટે મદદ પૂરી પાડવાનું ચાલુ રાખશે, તેમાં કૃષિ, પ્રાદેશિક કનેક્ટિવિટી, વ્યાપાર અને રોકાણ, પોષણ, આરોગ્ય, સ્વચ્છ ઉર્જા, મહિલા સશક્તિકરણ, આફતો સામેની તૈયારી, પાણી, સેનિટેશન, શિક્ષણ અને સંસ્થાઓના નિર્માણ જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

આ કરાર બંને દેશોને સાથે મળીને કામ કરવા અને તેમની સંયુક્ત શક્તિનો ઉપયોગ કરવાની સંયુક્ત પ્રતિબદ્ધતાઓનું પાલન કરવામાં મદદ કરે છે જેથી માંગ આધારિત વિકાસ હિસ્સેદારી થઈ શકે. અમેરિકા સાથે આ ત્રણ બાજુના સહકારથી તે ભારતની અન્ય વિકાસ ભાગીદારીઓ, ક્ષમતા ગઠન અને વૈશ્વિક દેશો સાથે ટેકનિકલ સહાયમાં પુરક બનશે

**નવી દિલ્હી**
**જુલાઈ 30, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.